# SHANTINATH BHAGWAN



## મારો મુજરો લ્યોને રાજ...

મારો મુજરો લ્યોને રાજ ! સાહિબ ! શાંતિ ! સલૂણા !

અચિરાજીના નંદન તોરે, દરિશણ હેતે આવ્યો,
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો...........મારો.૧

દુઃખભંજન છે બિરુદ તમારું, અમને આશા તુમારી,
તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હોશે હમારી ?..........મારો.૨

કહેશે લોક ' ન તાણી કહેવું, એવડું સ્વામી આગે,
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે ?....મારો.૩

મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછુ માનું ?
ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ?..........મારો.૪

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યુ જુગતે,
વિમલવિજય વાચક્નો સેવક, રામ કહે શુભ ભગતે..........મારો.૫



## સ્તવનનો અર્થ

હે રાજરાજેશ્વર ! હે સાહિબા ! હે સહજ સલૂણા શ્રી શાંતિનાથ ભગવાન ! તમે મારો મુજરો સ્વીકારો.

હે અચિરામાતાના લાડલા ! ભક્તિનું ભેટણું લઈને હું તમારા દર્શન માટે અત્યંત હેતપૂર્વક આવ્યો છું (અને એથી જ) હે સ્વામિ ! તમે મને સમકિત આપીને ખુશ કરો. (૧)

તમે 'દુઃખ ભંજન' એવું બિરુદ ધારણ કરો છો અને એથી જ અમને તમારી આશા છે; (પણ જો) તમે 'હું તો નિરાગી છું' એવું કહીને છટકી જાઓ તો અમારી શી વલે થાય પ્રભુજી ? (૨)

લોકો મને કહેશે - 'ભાઈ માલિક આગળ આ રીતે જોરથી ન બોલાય' પણ (હે જગતના તાત !) જો બાળક બોલવાનું ન જાણતો હોય તો એ વ્હાલો શી રીતે લાગે ? ન જ લાગે. (૩)

મારે તો તમે સમર્થ સાહિબા છો એથી હું મનમાં જરા પણ ઓછું લાવતો નથી. ભલા ! જેણે ચિંતિત દાતાર ચિંતામણિ રત્નને કેડ ઉપર બાંધ્યું હોય તેને બીજાની શી જરૂર પડે ? (૪)

'મારા આત્માની અંદર અધ્યાત્મરૂપ સૂર્ય ઉદય પામ્યો છે અને એણે મોહનો અંધકાર યુક્તિપૂર્વક દૂર કર્યો છે' એમ ઉપાધ્યાયશ્રી વિમળવિજય મહારાજના શિષ્યરત્ન રામવિજય મહારાજ ભક્તિપૂર્વક કહે છે. (૫)

THIS STAVAN IS RECITED DURING POONAM BHAV SIDDHACHAL YATRA